ગાંધીનગર સમાચાર

**વિકાસ કમિશનરના વિવાદાસ્પદ પત્ર સામે પંચાયત પરિષદનો રોષ**



પ્રજાસત્તાક પર્વની રોનક - પાટનગરમાં પ્રજાસત્તાક પર્વની ઉલ્લાસપૂર્વક ઉજવણી યોજાઈ હતી... રામકથા મેદાનમાં યોજાયેલ જિલ્લાકક્ષાની ઉજવણીમાં અશ્વના રોમાંચક કરતબો અને શાળાના બાળકોની સાંસ્કૃતિ અભિવ્યક્તિએ આકર્ષણ ઉભું કર્યું હતું... પોલીસ પરેડ, પ્રવચનો અને ધ્વજ વંદન કાર્યક્રમમાં અધિકારીઓ, કર્મચારીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા...

# શહેરી વિસ્તારના ગામોમાં સી.સી. રોડ બનાવવા માટે નવી દરખાસ્ત

## શહેરી વિસ્તારના પાંચ ગામોમાં સી ટી પી એ સુચવ્યા મુજબ રસ્તાનુ કામ હાથ ધરાશે : અંદાજિત રૂ ૫ કરોડના ખર્ચનો અંદાજ

ગાંધીનગર તા ૨૭

શેહરી વિસ્તારના ગામોમાં સી સી રોડ બનાવવા માટે તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. શહેરી વિસ્તારના પાંચ ગામોમાં રસ્તાની સુવિધા ઉભી કરવા માટે અંદાજિત રૂ ૫ કરોડના ખર્ચને મંજુરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. જો કે હજુ સુધી આ દરખાસ્ત વિભાગ કક્ષાએ પેન્ડીંગ છે. શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ માળખાગત સુવિધાના કામો હજુ પણ બાકી છે.

ગાંધીનગર શહેરી વિસ્તારના પાંચ ગામોમાં દાયકાઓના અંતે પણ માળખાગત સુવિધાઓના નામે મીંડુ છે. શહેરી વિસ્તારના પાલજ ,બાસણ ,બારીજ ધોળાકુવા તેમજ ઈન્દ્રોડા ગામોમાં રસ્તા પાણી અને ગટરના કામો હજુ પુર્ણ થયા નથી. જો કે આ ગામોમાં પાણીની પોકારને ડામવા માટે નવા બોર બનાવવા ઉપરાંત અન્ડર ગ્રાઉન્ડ સંપ તેમજ ઓવરહેડ ટાંકી બનાવવા માટે પણ નિર્ણય લેવાયો છે.જયારે બોર બનાવાની કામગીરી મોટાભાગની પુર્ણ થઈ ગઈ છે. આ ઉપરાંત ગટર લાઈનના વર્ષો જુના બાકી કામો પણ પુર્ણ કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. પાટગરને અડીને આવેલા આ ગામોમાં માળખાગત સુવિધાઓના અભાવ વચ્ચે ગ્રામજનોએ ડગલે ને પગલે હાલાકી વેઠવી પડતી હોવાનો અક્રોશ દિનપ્રતિદિન પ્રબળ બની રહયો છે. ત્યારે શહેરી વિસ્તારના ગામોમાં વધતી વસતીને ધ્યાને લઈ પાણીના મામલે આગામી ત્રણ દાયકાને ધ્યાને લઈ આયોજન કરવામાં આવી રહયુ છે. જયારે લાંબા સમયના અંતે રોડ નેટવર્ક ઉભુ થઈ શક્યુ નથી. અગાઉ ગ્રામ્ય વિસ્તારમાં સી સી રોડ બનાવવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ વિભાગ કક્ષાએથી કોઈ નિર્ણય

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગર ભાજપ મહાનગરની આજે કારોબારી બેઠક યોજાશે

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર ભાજપ મહાનગરની આજે ત્રીજી કરોબારી બેઠક યોજાશે. સે-૧૭ સ્થિત સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે યાજાનારી આ બેઠક અંગે શહેર પ્રમુખ મહેન્દ્ર પટેલે જણાંવ્યા મુજબ આ બેઠકમાં પ્રદેશ મહામંત્રી કે સી પટેલ, ગાંધીનગરના પ્રભારી અને પ્રદેશ ઉપપ્રમુખ રમિલાબેન બારા, ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય અશોક પટેલ ,મેયર પ્રવિણ પટેલ ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ પુર્વમંત્રી વાડીભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવે ઉપરાંત નગરસેવકો હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ હાજર રહેશે.

ગાંધીનગર મહાનગર ભાજપની કારોબારી બેઠક રાષ્ટ્રીય અને પ્રદેશ કારોબારીના પગલે ચૂંટણીની વ્યુહ રચના ઘડવાના ભાગરૂપે ચર્ચા-વિચારણાઓ થશે.

# શહેરમાં ૨૦૧૫ની તુલનામાં ૨૦૧૬માં મેલેરિયાના કેસ ઘટ્યા પણ ડેન્ગ્યુના વધ્યા

## આખા વર્ષ દરમિયાન ૧૧ હજાર આવાસોમાં ફોગીંગ દ્વારા એન્ટી લારવેલની કામગીરી કરાઈ; પક્ષીકુંજ, અંડરગ્રાઉન્ડ પાણીની ટેન્ક; ખુલ્લી ઓવર હેડ ટાંકીઓ મચ્છરોની ઉત્પત્તિના મહત્વના કેન્દ્રો : ૨૦૧૬માં ૯૧૨ વ્યક્તીઓના ડેન્ગ્યુ માટે એલાયઝા ટેસ્ટ કરાતાં ૧૮૮ કેસ પોઝીટીવ આવ્યા; મેલેરિયાના કેસો માત્ર ૧૦૦ જ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં ૨૦૧૫ની તુલનામાં મેલેરિયાના કેસોમાં ઘટાડો જ્યારે ડેન્ગ્યુના કેસોમાં વધારો નોંધાયો છે. શહેરમાં મેલેરિયાના કેસો મોટાભાગે શહેરની ઝુંપડપટ્ટી વિસ્તારમાંથી મળ્યા છે તો ડેન્ગ્યુના કેસો જુના-નવા સેક્ટરોમાંથી વધુ મળ્યા છે.

શહેરી મેલેરિયા તંત્ર દ્વારા ૨૦૧૬નો વાર્ષિક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે જેમાં આ ચોંકાવનારી હકીકતો કહેવામાં આવી છે.

૨૦૧૫માં મેલેરિયાના કેસો ૧૧૪ હતા જેની સામે ૨૦૧૬માં ૧૦૦ કેસ નોંધાયા છે. જ્યારે ડેન્ગ્યુના કેસ ૨૦૧૫માં ૧૭૫ હતા તે આ વખતે ૧૮૮ દર્શાવવામાં આવ્યા છે. જો કે ખાનગી દવાખાનાઓમાં નોંધાયેલા કેસોના સમાવેશ કરવામાં આવ્યો છે કે કેમ ? તે અંગે તંત્રના સૂત્રો મૌન સેવી રહ્યા છે.

તંત્ર એ શહેરમાં વાહકજન્ય રોગચાળાની પરિસ્થિતિ જે ૨૦૧૧માં હતી તેના કરતાં ૨૦૧૬માં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હોવાનો દાવો કર્યો છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૧૧માં ૯૭૩ કેસ મેલેરિયાના નોંધાયા હતા જેની સામે ૨૦૧૬માં માત્ર ૧૦૦ કેસ નોંધાયા છે.

તંત્રએ તેના અહેવાલમાં જણાવ્યું છે કે ગાંધીનગર શહેરમાં વિકાસ થતાં કન્સ્ટ્રક્શન સાઈટો વધી છે એટલુ જ નહિ ઉનાળામાં પક્ષીઓને પાણી પીવા માટે અપાતા

● અનુસંધાન પાન-૭ પર

**શહેરમાં ૨૩૭૭ ઝુંપડાઓ છે !!**

## શહેરની ઝુંપડપટ્ટીમાંથી જ મેલેરિયાના વધુ કેસ મળ્યા છે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર હવે ઝુંપડાઓનું નગર બની રહ્યાની ટીકા રાજકીય નેતાઓ સતત કરતા રહ્યા છે પણ હકીકત છે કે ગાંધીનગર શહેરમાં હાલ ૨૩૭૭ જેટલા ઝુંપડાઓ તો સરકારી કચેરીઓમાં નોંધાયેલા છે.

ગાંધીનગર શહેરમાં ૧ થી ૩૦ સેક્ટરોમાં આવેલા આ ૨૩૭૭ ઝુંપડાઓમાંથી મેલેરિયાના કેસો સૌથી વધુ મળ્યા હોવાનું તંત્રએ તેના રિપોર્ટમાં જણાવ્યુ છે. આ ઝુંપડાઓમાં હવે દર સપ્તાહે સર્વેલન્સની કામગીરી પણ મેલેરિયાના કેસોને લઈ કરવાનો નિર્ણય તંત્રએ કર્યો છે.

શહેરમાં ઝુંપડાઓ દૂર થાય તે માટે વારંવાર દબાણ તંત્ર હરકતમાં આવે છે પરંતુ તંત્ર શાંત થતાં જ પુનઃ ઝુંપડાઓ જે તે વિસ્તારમાં એમને એમ થઈ જતા હોય છે. શહેરમાંથી ગેરકાયદે ઝુંપડાઓ દૂર કરવા ઈન્દિરાનગર, ગોકુલપુરા તેમજ વિવેકાનંદનગર જેવી વસાહતો ઉભી કરાયા પછી પણ આ સમસ્યા દૂર નથી થઈ તે પણ હકીકત છે.

# આગામી રેલવે બજેટમાં કેપિટલ સ્ટેશનને વર્ષોથી થતો અન્યાય દુર કરવા માંગ

## નવી ટ્રેઈનો ફાળવવા તેમજ લીફ્ટ અને એસ્કેલેટર્સ માટેની સુવિધા ઉભી કરવા બજેટમાં જોગવાઈ કરવા શહેર વસાહત મહામંડળની રેલમંત્રીને રજુઆત

ગાંધીનગર તા ૨૭

આગામી મહીનામાં રજુ થનારા બજેટ દરમિયાન કેપીટલ સ્ટેશનમાં વિકાસના નવા કામો ઉપરાંત નવી ટ્રેઈનો મળે તેવી રજુઆત શહેર વસાહત મહામંડળ દ્વારા કરવામાં આવી છે. દેશના અન્ય રાજયો સાથે ટ્રેઈન સેવા જોડાય તે માટે ટ્રેઈનોને ગાંધીનગર સુધી લંબાવાની માંગણી પણ કરવામાં આવી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ આગામી મહીનામાં દેશનુ અને રલવેનુ બજેટ રજુ થવાનુ છે. આ બજેટને ધ્યાને લઈ મહામંડળ દ્વારા રેલ મંત્રી પ્રભુને રજુઆત કરવામાં આવી છે. જેમાં જણાંવ્યા મુજબ કેપિટલ સ્ટેશનને અનુલક્ષી ફાઈવ સ્ટાર હોટલ બનાવાનો પ્રોજકટ હાથ ધરવામાં આવનાર છે. ત્યારે સ્ટેશન પર જરૂરી ટ્રેઈન સુવિધા પણ વધારવામાં આવે તે અનિવાર્ય છે. છેલ્લા ઘણાં સમયથી નવી ટ્રેઈનો ફાળવવા માટે મહામંડળ દ્વારા રેલ વિભાગને રજુઆતો કરવામાં આવે છે.પરંતુ દર વર્ષે રેલ બજેટના અંતે ગાંધીનગર સ્ટેશનને ન્યાય મળતો નથી. ત્યારે આગામી મહીનામાં રજુ થનારા બજેટ દરમિયાન કેપિટલ સ્ટેશનને થતો અન્યાય દુર કરવા પણ માંગણી કરવામાં આવી છે.

ગાંધીનગરને વધારાની ટ્રેઈનો મળે તેમજ અન્ય રાજયો સાથે જોડાણ થાય તેની સાથે સ્ટેશન પર લીફ્ટ તેમજ એસ્કેલેટર્સ જવી સુવિધા હોટલ નિર્માણ દરમિયાન જ ઉભી કરવા માટે જરૂરી આયોજન કરવા માટે રજુઆતમાં જણાંવાયુ છે. વાઈબ્રન્ટ ગાંધીનગર હવે સ્માર્ટસીટી બનવા તરફ આગળ વધી રહયુ છે. આવા સંજોગોમાં કેપીટલ સ્ટેશનન સમકક્ષ સુવિધાઓ સ્ટેશનને મળે તેવી માંગણી પણ મહામંડળ દ્વારા કરવામાં આવી છે.



આપણી રાષ્ટ્રભક્તિ સોડા બોટલ જેવી છે...! સવારે ટી.વી. પર પરેડના દ્રશ્યો દેખાતાં હોય અને આસપાસ રાષ્ટ્રીય ગીતો ગવાતાં હોય ત્યાં સુધી આપણામાં દબાઈ રહેલી દેશભક્તિનો ઉભરો ચરમસીમાએ પહોંચી જાય અને બપોર થતાં સુધીમાં તો ઉભરો સમી જાય અને પ્રજાસત્તાક પર્વ જાહેર રજામાં પરિણમે..!!!

આ કરીમભાઈ મીર વર્ષોથી ગાંધીનગરમાં રાષ્ટ્રીય પર્વોએ રાષ્ટ્રધ્વજ વેચવા ઊભા રહે છે. માત્ર પાંચ રુપિયામાં બે ધ્વજ વેચતા કરીમભાઈ પણ કહેછે કે, 'બપોર સુધી જ ધ્વજ વેચાય છે, પછી પડ્યા રહેછે...!'

મોટર અકસ્માતમાં એક પગ ખોઈ બેઠેલા કરીમભાઈ વાહન શણગારની વસ્તુઓ વેચે છે અને રાષ્ટ્રીય પર્વોએ આમ ધ્વજનો ભાવ કરીને રોજી રળે અને ફોજી જેવો ભાવ અનુભવે...! જય હિન્દ....

(તસવીર સૌજન્ય : હિરેન ભટ્ટ)

# વિકાસ કમિશનરના વિવાદાસ્પદ પત્ર સામે પંચાયત પરિષદનો રોષ

## સરકાર બંધારણીય હક્કો પર કામ કરવામાં રૂકાવટ ઉભી કરી રહી છે : પારઘી

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યના વિકાસ કમિશનરની કચેરી દ્વારા રેતી કાંકરીની ગ્રાન્ટ તેમજ સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટમાંથી કરવાના થતા કામોમાં સી.સી. રોડના કોઈ કામો હાલ હાથ ન ધરવા તથા તે અંગેની કોઈપણ વહીવટીય મંજૂરી ન આપવા માટે જિલ્લા વિકાસ અધિકારીઓને આપવામાં આવેલી સૂચના સામે પંચાયત પરિષદ સહિત પંચાયતના વિવિધ હોદ્દેદારોએ વિરોધ ઉઠાવ્યો છે.

પંચાયત પરિષદે આ અંગે વિરોધ નોંધાવતાં જણાવ્યું હતું કે પરિષદનું માનવું છે કે રાજ્યમાં અલગ અલગ વિસ્તારમાં અલગ અલગ જરૂરિયાત મુજબના કામોનું આયોજન કરવામાં આવતુ હોય છે. અમુક જિલ્લાઓમાં સામાજિક વિકાસને ધ્યાને રાખી તે મુજબ આયોજન કરવામાં આવ્યું હોય છે.

વધુમાં જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પ્રમુખ તેમજ જિલ્લા પંચાયતના સદસ્યો દ્વારા ગ્રામીણ વિસ્તારની મુલાકાત સમયે આવેલ રજુઆતને ધ્યાન રાખવી પડતી હોય છે. જેમાં ગ્રામીણ વિસ્તાર દ્વારા તેના પરા વિસ્તારમાં આંતરિક સુવિધાના ભાગરૂપે સી.સી. રોડની માંગણી અને રજુઆત વધુને વધુ થતી

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે**

મુંબઈમાં એક પરિવાર માટે રસોઈ તેમજ ઘરકામ માટે બહેન, રહેવાની સુવિધા

સંપર્ક : દિપકભાઈ

મો. : ૮૦૯૭૫ ૭૧૫૫૫

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™ Autoclaved Aerated Concrete Blocks

ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦

sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા


એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

**સાતમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



જન્મ તારીખ ૨૬-૧૧-૧૯૨૮

સ્વર્ગવાસ તારીખ ૨૭-૦૧-૨૦૧૦

**સ્વ. નવિનચંદ્ર મુલચંદ ધ્રુવ**

બંધ કરી આંખ અને દર્શન કરીએ, ઝુકાવી પાપણ તમને નમન કરીએ, નજર સમક્ષ કાયમ રહ્યા હવે ફક્ત છબી જોવાની રહી, સૌનો છોડ્યો સાથ ઓચિંતા લીધી વિદાય, ક્યાં જઈશું, કોને કહીશું, અમે અંતરની વાત એક પળ પણ ભૂલ્યા નથી આંખોના અશ્રુ વહ્યા કરે છે. અંજલી આપતા શબ્દો ઓગળ્યા કરે છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

લિ. ગં.સ્વ. ભાવનાબેન નવીનચંદ્ર ધ્રુવ

જયેશ, સંજય, દિલીપ (પુત્રો)

હિના, રશ્મી, ભાવના (પુત્રવધૂઓ)

રોનક, રોહન (પૌત્ર)

કિંજલ, ખ્યાતિ, ગ્રીષ્મા, દિયા (પૌત્રી)

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com